માનો છો ? હા કે ના (2) વિકલ્પયુક્ત પ્રશ્નોનાં ઉત્તર સ્વરૂપે આપેલા વિકલ્પોમાંથી કોઈ એક જ વિકલ્પની પસંદગી કરવાની હોય છે. જેમકે –

જ્ઞાતિપ્રથા – ચાલુ રાખવી જોઈએ.

- તેમાં ફેરફાર કરવા એઈએ,
- તે દૂર થવી જોઈએ.

**(2) મુક્ત પ્રશ્નો** : આ પ્રશ્નોના વ્યક્તિએ પોતાની ઇચ્છા પ્રમાણે ઉત્તરે આપવાના હોય છે. જેમકે, સંતતિનિયમન અંગે તમે શું માનો છો? છૂટાછેડા અંગે તમે શું માનો છો ?

પ્રશ્નાવલિમાં મુખ્યત્વે પસંદગીયુક્ત પ્રશ્નો જ પૂછવામાં આવે છે, કારણ કે આ પ્રશ્નોના ઉત્તરોનું સહેલાઇથી વર્ગીકરણ કરી શકાય છે તેમજ પરિણામોને આંકડાશાસ્ત્રીય રીતે રજૂ કરી શકાય છે.

પ્રશ્નાવલિનું સ્વરૂપ :

પ્રશ્નાવલિમાં મુખ્યત્વે નીચેની લાક્ષણિકતાઓ હોવી જોઈએઃ

(I) પ્રશ્નો. સમસ્યા ઉપર આધારિત હોવા જોઈએ.

(2) પ્રશ્નો ટૂંકા અને મુદ્દાસર હોવા જોઈએ.

(3) પ્રશ્નોની ભાષા સરળ અને સ્પષ્ટ હોવી જોઈએ.

(4) પ્રશ્નાવલિમાં બને તેટલા ઓછા પ્રશ્નોનો સમાવેશ કરવો જોઈએ.

(5) પ્રશ્નાવલિની સૂચના સરળ, સ્પષ્ટ અને સંજ્ઞારહિત હોવી જોઈએ.

પ્રશ્નાવલિ પદ્ધતિનો ઇતિહાસ) ફ્રાન્સિસ ગાલ્ટને સૌપ્રથમ વ્યવસ્થિત પ્રશ્નાવલિ તૈયાર કરી. ત્યાર પછી સ્ટેનલી હોલ, કાર્ટ્સ અને ઓલપોર્ટે

પ્રશ્નાવલિ પદ્ધતિનો ઉપયોગ કર્યો. આધુનિક સમયમાં આ પદ્ધતિનો ખૂબ જ વ્યાપકપણે ઉપયોગ થાય છે.

નમૂના(નિદર્શ)ની રીતનો ઉપયોગઃ આ પદ્ધતિ દ્વારા કોઈ સમસ્યા પરત્વે સમગ્ર સમુદાયનાં વલણો કે અભિપ્રાયો જાણવા હોય તો સમુદાયની બધી જ વ્યક્તિઓને પ્રશ્નાવલિ આપવી પડે, પરંતુ આ શક્ય નથી અને શક્ય હોય તોપણ સમય અને શક્તિની દૃષ્ટિએ ખચાળ છે. તેથી મનોવૈજ્ઞાનિકો નમૂનાની પ્રયુક્તિનો ઉપયોગ કરે છે. સમગ્ર સમુદાયમાંથી પ્રતિનિધિરૂપ એવી કેટલીક વ્યક્તિઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવે છે. આ નમૂનાની

વ્યક્તિઓને પ્રશ્નાવલિ આપી, તેમની પાસેથી પ્રાપ્ત કરવામાં આવે છે. આ ઉત્તરોને આધારે જે નિરાકરણો તારવવામાં આવે તે નિરાકરણો સમગ્ર સમુદાયને લાગુ પાડવામાં આવે છે.
આમ, પ્રક્ષાવિલ પતિમાં પ્રશ્નાવલિની રચના અને નમનાની પસંદગી એ બે બાબતો ખૂબ જ મહત્ત્વ ધરાવે છે.

આશ્ચર્યકારક પરિણામો પ્રશ્નાવલિ પદ્ધતિ દ્વારા ક્યારેક આશ્ચર્યકારક પરિણામો પણ પ્રાપ્ત થાય છે. કેન્દ્રિલે તેના એક સંશોધનમાં અમેરિકાના ન્યૂયોર્ક રાજ્યના પ્રમુખની ચૂંટણી અંગે આગાહી કરવા માટે 40 લાખ મતદારોમાંથી માત્ર * 290 મતદારોને નમૂના તરીકે પસંદ કર્યા. તેઓને પ્રશ્નાવલિ આપવામાં આવી. તેમના ઉત્તરોને આધારે ચૂંટણીમાં કોણ જીતશે તે અંગે આગાહી કરવામાં આવી અને આશ્ચર્યકારક રીતે આ આગાહી સાચી પડી હતી.

|| પ્રશ્નાવલિના ફાયદાઓ અને મર્યાદાઓ

ફાયદાઓ ઃ પ્રશ્નાવલિ પતિ દ્વારા એકસાથે અનેક વ્યક્તિઓનો અભ્યાસ થઈ શકે છે. આ દૃષ્ટિએ આ પદ્ધતિ સમય અને શક્તિની દૃષ્ટિએ કરકસરયુક્ત પતિ છે.

મર્યાદાઓ : પ્રશ્નાવલિ પદ્ધતિની કેટલીક મર્યાદાઓ નીચે પ્રમાણે છેઃ

(1) કેટલીક વાર પ્રશ્નો સમજાય તેવા ન હોય તો પ્રશ્નોના ખોટા જવાબો પ્રાપ્ત થાય છે.
(2) કેટલીક વાર વ્યક્તિઓ પ્રશ્નોના સાચા ઉત્તરો આપવા ખાતર આપતા હોય છે.
(3) કેટલીક વ્યક્તિઓ પ્રશ્નોના સાચા ઉત્તરોને બદલે સારા ઉત્તરો આપે છે.

પ્રશ્નાવલિ પદ્ધતિની ઉપરોક્ત મર્યાદાઓ હોવા છતાં પણ આ પદ્ધતિનો આધુનિક સમયમાં સમાજલક્ષી મનોવિજ્ઞાનના ક્ષેત્રે વ્યાપકપણે ઉપયોગ થાય છે.